**(પરિપત્રનો અભ્યાસ કર્યા બાદ જ પરિણામનું વિતરણ કરવું.)**

પરિપત્ર

**વિજ્ઞાન પ્રવાહ**

જા.નં.મઉમશબ/ક/વિજ્ઞાન/પરિણામ/મે-૨૦૨૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦.બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૬/૦૭/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય (તમામ).

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચત્તર માધ્યમિક શાળા (વિજ્ઞાન પ્રવાહ)
ગુજરાત રાજ્ય (તમામ).

વિષય : ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, મે-૨૦૨૧, વિજ્ઞાન પ્રવાહના નિયમિત ઉમેદવારોના પરિણામ બાદની કાર્યવાહી બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, મે-૨૦૨૧ના, વિજ્ઞાન પ્રવાહના નિયમિત (Fresher) ઉમેદવારોના પરીક્ષાના પરિણામ સાથે વાલી/વિદ્યાર્થી અને શાળાઓને માર્ગદર્શન માટે જરૂરી સૂચના મોકલી આપવામાં આવે છે. <u>જેનો શાળાના આચાર્યશ્રીએ પૂરતો અભ્યાસ કરી પરિણામના ગુણપત્રક/પ્રમાણપત્ર ઉમેદવારને વિતરણની કાર્યવાહી કરવાની રહેશે</u>.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામ સાથે તમામ ઉમેદવારોના ગુણપત્રક/પ્રમાણપત્ર તથા એસ.આર. આગામી સમયમાં મોકલી આપવામાં આવશે અને AB ગૃપના ઉમેદવારોના A કે B ગૃપનું વિકલ્પ આપવાના તથા ઉત્તિર્ણ ઉમેદવારને પરિણામ રદ કરાવી પુન:ઉપસ્થિત થવા માટેની અરજીના નમૂના ઓનલાઇન મુકવામાં આવેલ છે.

## <u>સૂચનાઓ :</u>

A. <u>વેરીફીકેશન :</u> ઉમેદવારના ગુણપત્રકનું SR સાથે વેરીફીકેશન કર્યા બાદ જ તેનું વિતરણ કરવું.

B. <u>નામ-સુધારો:</u> આચાર્યશ્રીએ વાલી/વિદ્યાર્થીને ગુણપત્રક/પ્રમાણપત્ર માં નામ (અંગ્રેજી સ્પેલીંગ) ચકાસી જવા ખાસ જણાવવું અને નામમાં સુધારો કરાવવો જરૂરી હોય તો નામ સુધારો કરવા માટે નિયત સમય-મર્યાદામાં અરજી કરવા જણાવવું. ધોરણ-૧૦ (S.S.C.)ની માર્કશીટ અથવા L.C. મુજબ વિદ્યાર્થીના નામમાં કોઈ સુધારો કરવો જરૂરી હોય તો આધાર પુરાવા સાથે નિયત અરજીપત્રકમાં નિયત સમય-મર્યાદામાં અરજી કરવા વિદ્યાર્થીને માર્ગદર્શન આપશો. સમય-મર્યાદામાં મળેલ નામ સુધારા માટેની અરજીના ઉમેદવારને જ બોર્ડ દ્વારા સુધારા સાથેનું મૂળ ગુણપત્રક/પ્રમાણપત્ર વિનામૂલ્યે આપવામાં આવે છે. નિયત સમય-મર્યાદા બહારના કેસોમાં નિયત ફી ચુકવવાની રહેશે.

C. મેળવેલ ગુણ-તુટ ન સ્વીકારવા બાબત.:- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધરેલા) ૨૦૦૫ના વિનિયમ ૪૦(૪) અન્વયે:કૃપા- ગુણ (ગુણ-તુટ ક્ષમ્યતા) થી પાસ થયેલ ઉમેદવાર જો ઇચ્છે તો કૃપા ગુણ રદ કરવાની અરજીઓ પરિણામ પ્રસિધ્ધ થયાની ૩૦-દિવસ સુધીમાં જ બોર્ડની કચેરીને શાળા મારફતે "ક" શાખાને મોકલી શકશે અને બોર્ડ દ્વારા કૃપા ગુણ (ગુણ-તુટ ક્ષમ્યતા) રદ કરી અનુત્તીર્ણ જાહેર કરવામાં આવશે. સમય-મર્યાદા બહાર મળેલ અરજી પર કોઇ પણ સંજોગોમાં કોઇ કાર્યવાહી કરવામાં આવશે નહી.

D. Differently abled ઉમેદવારો માટે :-

Differently abled ઉમેદવારોને ૨૦% ગુણથી પાસ કરવાના ધોરણનો વિશેષ લાભ મેળવવા માટે મળેલ રજૂઆતો પૈકી જે ઉમેદવારોએ આ અંગે પૂરતા આધારો સાથે રજૂઆત કરેલ છે, તેઓને લાભ આપવામાં આવેલ છે. આવા "Differently abled" ઉમેદવારોના ગુણપત્રક/પ્રમાણપત્રક તેઓને આપતા પહેલા ઉમેદવારના Differently abled હોવાના અસલ પ્રમાણપત્રની ચકાસણી આચાર્યશ્રીએ કરી લેવી.

Differently abled અંગેના પ્રમાણપત્ર-આધાર પુરાવાની ખાતરી કર્યા સિવાય કોઈપણ Differently abled ઉમેદવારને ગુણપત્રક-પ્રમાણપત્ર આપવું નહીં. જેની સમગ્ર જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

જો કોઈ ઉમેદવારને બોર્ડ દ્વારા Differently Abled નો વિશેષ લાભ આપવામાં આવેલ હોય, પરંતુ તેના Differently Abled અંગેના સિવિલ સર્જન/આર.એમ.ઓ. ના પ્રમાણપત્ર બાબતે સંશય કે શંકા હોય તો તેવા ઉમેદવારના ગુણપત્રક/પ્રમાણપત્ર બોર્ડને પરત કરવા. (ઉમેદવારને આપવા નહીં.)

E. યોગ્યતા (એલિજિબિલિટી) પ્રમાણપત્ર મેળવવા બાબત/માર્કશીટ L.C. ની ખરાઈ કરવા અંગે:-

ધોરણ-૧૧ કે ૧૨ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની માર્કશીટ/L.C. ની જે તે બોર્ડ/સંસ્થા/શાળાની ખરાઈ કરવા તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અથવા જિલ્લા શિક્ષણાધિકારી તરફથી ઈસ્યુ થતા સમકક્ષતા પ્રમાણપત્ર મેળવવાની કાર્યવાહી આચાર્યશ્રીએ વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે કરી લેવાની હોય છે. એસ.એસ.સી. (ધોરણ-૧૦) કે ધોરણ-૧૧ પાસ કર્યાના આધારે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના કિસ્સામાં તેઓની માર્કશીટ/L.C. ની ખરાઈ કરાવી કે સમકક્ષતા પ્રમાણપત્ર મેળવીને જ ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ મે-૨૦૨૧ નું ગુણપત્રક/પ્રમાણપત્ર આપવાનું રહેશે. આ અંગેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

F. ઉત્તિર્ણ ઉમેદવાર દ્વારા ગુણપત્રક/પ્રમાણપત્ર બોર્ડને જમા કરાવી (શાળામાં) પરિણામ રદ કરાવી આગામી પરીક્ષામાં પુન:ઉપસ્થિત થવા અંગે :

ઉ.મા.પ્ર.પરીક્ષા, મે-૨૦૨૧ માં ઉત્તિર્ણ થયેલ ઉમેદવાર તેઓએ મેળવેલ પરિણામની સિદ્ધિ સુધારવા ઈચ્છતા હોય તો મે-૨૦૨૧નું પરિણામ શાળામાં જમા કરાવીને (શાળા દ્વારા આવા ઉમેદવારોનું ગુણપત્રક કે પ્રમાણપત્ર બોર્ડમાં જમા કરાવશે) આગામી પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. આ માટે ઉમેદવારે નીચેની શરતો ધ્યાને લઈ પરિણામ રદ કરાવી શકશે.

[નોંધ – વિદ્યાર્થીએ તા.૦૩/૦૮/૨૦૨૧ સુધીમાં અસલ ગુણપત્રક/પ્રમાણપત્ર શાળામાં જમા કરાવવાનાં રહેશે.]

1. મે-૨૦૨૧નું અસલ ગુણપત્રક અને પ્રમાણપત્ર શાળાને પરિણામ જાહેર થયાના ૧૫ દિવસમાં પરત કરવાનું રહેશે. શાળાએ તેવા તમામ ઉમેદવારોના ગુણપત્રક/પ્રમાણપત્ર જમા લઈ બોર્ડ દ્વારા નક્કી કરેલ ફોર્મેટમાં માહિતી બોર્ડને પૂરી પાડવાની રહેશે. ઉપરાંત જે ઉમેદવારના ગુણપત્રક/પ્રમાણપત્ર શાળા દ્વારા જમા લીધેલ હોય તેની ફાઈલ બોર્ડની સુચના અનુસાર બોર્ડની "ક" શાખાને મોકલવાની રહેશે.
2. મે-૨૦૨૧ ના વિષયો સાથે જ આગામી મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. વિષય બદલી શકાશે નહી.
3. મે-૨૦૨૧ ના પરિણામના આધારે કોઈ વિષયની પરીક્ષામાં મુક્તિ દાવો કરી શકાશે નહી.
4. શાળામાં પુન:પ્રવેશ મેળવી શકાશે નહીં.
5. ઉમેદવારો પરિણામ સુધારવા માટે બોર્ડની આગામી પરીક્ષામાં ઉપસ્થિત થવા ઈચ્છતા ઉમેદવારોએ ૧૫ દિવસમાં ગુણપત્રક/પ્રમાણપત્ર પરિશિષ્ટ-૪ મુજબના નિયત નમૂનામાં જરૂરી આધારો સહ [વિજ્ઞાન પ્રવાહ માટે] શાળામાં જમા કરાવવાના રહેશે.
6. આવા ઉમેદવારોએ બોર્ડની આગામી પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે પરિણામ જમા કરાવતી વખતે નિયત નમૂનામાં માહિતી ભરવાની રહેશે અને તે પરીક્ષાના પરિણામનુ બોર્ડ દ્વારા અલગથી નવું ગુણપત્રક આપવામાં આવશે. તે પરિણામ ઉમેદવારે માન્ય રાખવાનું રહેશે. અગાઉનું પરિણામ કોઈપણ સંજોગોમાં માન્ય રહેશે નહીં.
7. પરિણામ સાથે Higher Education માટે સ્કોલરશીપ મેળવવાપાત્ર બને છે તેવા ઉમેદવારોના "Advisory Note to the Candidate Eligibility in Scholarship for Higher Education (SHE) Component Under Inspire Scheme" નું યોગ્યતા પ્રમાણપત્ર મોકલી આપવામાં આવે છે. તેને જે તે ઉમેદવારોને આપવા જણાવવામાં આવે છે. સદર સ્કોલરશીપ જે ઉમેદવાર બી.એસ.સી. ગણિતશાસ્ત્ર, ભતિકશાંસ્ત્ર, રસાયણ કે જીવવિજ્ઞાન વગેરેમાં ભારતની કોઈપણ યુનિવર્સિટીમાં (યુજીસી માન્ય) ભણવા માગતા હોય તેઓને સાયન્સ અને ટેકનોલોજી વિભાગની અરજી કર્યેથી મળવાપાત્ર થશે. આ અંગે વધુ વિગતો સર્ટીફીકેટમાં દર્શાવેલ વેબસાઈટ પરથી મેળવી શકાશે. આ અંગેની જાણકારી વિદ્યાર્થી/વાલીને આપવાની રહેશે. (ઉ.મા.પ્રમાણપત્ર પરીક્ષાના વિજ્ઞાન પ્રવાહના કુલ ઉમેદવારો પૈકીના પ્રથમ 1% ઉમેદવારો માટે)

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

## અરજીઓ સ્વીકારવાની અંતિમ તારીખ

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | નામ/અટકમાં સુધારો | પરિશિષ્ટ-૭<br>પરિશિષ્ટ-૭-A | પરિણામ જાહેર થયાના ૩ માસ બાદ રૂ. ૧૦૦/- | પરિણામનાં ત્રણ માસમાં અરજી કરે તો ફી લેવામાં આવતી નથી. અસલ ગુણપત્રક, પ્રમાણપત્ર આપવામાં આવશે. ત્યારબાદ ડુપ્લીકેટ ગુણપત્રક/પ્રમાણપત્ર મળશે. |
| ૨. | ગુણતૂટ ન સ્વીકારવા માટેનું અરજી પત્રક | પરિશિષ્ટ-૫ | | પરિણામ પ્રસિધ્ધ થયાના ૩૦ દિવસ સુધી |
| ૩. | AB ગૃપમાંથી A કે B ગૃપ ફેરફાર કરી પરિણામ મેળવવા અંગે. | પરિશિષ્ટ-૬ | | પરિણામ પ્રસિધ્ધ થયાના બે અઠવાડિયા સુધી |
| ૪. | ઉત્તીર્ણ ઉમેદવાર દ્વારા પરિણામ રદ કરાવી પુન:ઉપસ્થિત થવા ઈચ્છતા ઉમેદવારો માટેનું અરજીપત્રક | પરિશિષ્ટ-૪ | બોર્ડ દ્વારા વિદ્યાર્થીના ગુણપત્રક/પ્રમાણપત્ર શાળાને આગામી સમયમાં મોકલવામાં આવશે તે મૂળ ગુણપત્રક/પ્રમાણપત્ર વિદ્યાર્થીએ તા.0૩/0૮/૨૦૨૧ સુધીમાં શાળા કક્ષાએ | ઉ.મા.પ્ર. પરીક્ષા બોર્ડની આગામી વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં પુન:ઉપસ્થિત થવા ઈચ્છતા ઉમેદવારોએ ૧૫ દિવસમાં આ સાથે સામેલ નિયત કરેલ નિયત નમૂનામાં અરજી સહિત ગુણપત્રક/પ્રમાણપત્ર શાળામાં જમા કરાવવાનુ રહેશે. શાળાએ તેમની સંસ્થાના આવા પરિણામ રદ કરાવવા આપેલ ઉમેદવારોની એક ફાઈલમાં રાખી તેવા ઉમેદવારોની યાદી અને ગુણપત્રક/પ્રમાણપત્ર બોર્ડની સુચનાનુસાર બોર્ડને જમા કરાવવાની રહેશે. |

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

**<u>નકલ રવાના:</u>**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી (તમામ),
જાણ અને શાળઓને જાણ કરવા સારુ.

જા.નં. ..................................................

શાળાનું નામ/પૂરેપુરુ સરનામું :- ..............................................

................................................................................................

પીન કોડ :......................................

શાળાનો ફોન નંબર :...............................................................

તારીખ :- ..............................................

પ્રતિ,

નાયબ નિયામકશ્રી (પરીક્ષા),

ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર

આથી હું પ્રમાણિત કરું છું કે, શ્રી ..................................................................................................
તેઓનો ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા મે-૨૦૨૧ ના બેઠક નંબર .........................
SID NO : ...............................................નું પરિણામ સુધારા માટે પરિણામ જમા કરાવવાની અરજીમાં જણાવેલ વિગત સાચી છે. તેની મેં પ્રત્યક્ષ ચકાસણી કરી છે અને ઉક્ત ઉમેદવારની લેખિત રજૂઆત મુજબનું તેમનું પરિણામ રદ કરવા ભલામણ કરું છું. મજકુર ઉમેદવારનું અસલ ગુણપત્રક અને અસલ પ્રમાણપત્ર તેમજ L.C. ની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપું છું. ઉક્ત ઉમેદવારે મે-૨૦૨૧ ની પરીક્ષામાં જ ઉત્તિર્ણ થયેલ છે. જેની ખાતરી આપું છું.

ધોરણ-૧૨ ની પરીક્ષાનો

શાળાનો ઈન્ડેક્ષ નંબર - .....................................પરિણામ જાહેર થયાની તારીખ : ..................................

આચાર્યશ્રીનો મોબાઈલ નંબર - ...................................................

| |
|---|
| <u>નોંધ :-</u> ઉત્તિર્ણ ઉમેદવારે મેળવેલ પરિણામ સુધારા માટેનું અરજીપત્રક બોર્ડની કચેરીમાં પરિણામ પ્રસિધ્ધ થયાના ૧૫ દિવસ સુધી જ ઓફિસ સમય દરમ્યાન સ્વીકારવામાં આવશે. |

શાળાના આચાર્યશ્રીની સહી અને સિક્કો

<u>નોંધ:</u>

(૧) ઉમેદવારનું અસલ ગુણપત્રક અને પ્રમાણપત્ર તેમજ જો ઉમેદવારે ડુપ્લીકેટ ગુણપત્રક અને પ્રમાણપત્ર મેળવેલ હોય તો અરજી સાથે અવશ્ય સામેલ રાખવું.

(૨) શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ.

(૩) આ ફોર્મ માત્ર નમૂનાનું છે. જરૂરી નકલ શાળાએ ઝેરોક્ષ કરાવી લેવી.

(૪) ધોરણ-૧૦ પાસ કર્યાના ગુણપત્રક/પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

વિજ્ઞાન પ્રવાહ

પરિશિષ્ટ ૪-

| દરખાસ્ત નંબર | |
|---|---|
| | |

## ઉત્તિર્ણ ઉમેદવારે મેળવેલ પરિણામ સુધારવા પુન:ઉપસ્થિત થવા માટેનું અરજી પત્રક

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા)-૨૦૦૫ના વિનિયમ-૨૯ અન્વયે.

પ્રતિ,
નાયબ નિયામકશ્રી (પરીક્ષા),
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦.બી, જુના સચિવાલય પાસે, ગાંધીનગર.

શાળા ક્રમાંક - ..........................
સ્થળ-..........................................
તા.      /      /૨૦૨૧

વિષય - ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના મે-૨૦૨૧ વિજ્ઞાન પ્રવાહના નિયમિત ઉત્તિર્ણ ઉમેદવારો પૈકી પરિણામ જમા કરાવવા બાબત.

સવિનય જણાવવાનું કે, મેં ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, મે-૨૦૨૧માં નીચે જણાવેલા વિષયો સાથે ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાનું મેળવેલ પરિણામ જમા કરાવીને બોર્ડ દ્વારા લેવાનાર આગામી જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થવા માગું છું.

૧. ઉમેદવારનું પૂરેપૂરું નામ (અટક સાથે) ..........................................................................................

૨. ટપાલનું પૂરેપૂરું સરનામું ...........................................................................................................

..........................................................................................................................................................

........................................................... (STD CODE સહિત) મો.નંબર - ..............................................................

૩. ધોરણ-૧૨ નો બેઠક નંબર - ...................................... ૪. કેન્દ્રનું નામ અને નંબર .......................................

૫. SID NUMBER - ...................................... પાસ કર્યાનું વર્ષ ...................................... પ્રયત્ન - ......................

| ક્રમ | વિષયનું નામ | મેળવેલ ગુણ | ક્રમ | વિષયનું નામ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|---|
| 1 | | | 6 | | |
| 2 | | | 7 | | |
| 3 | | | 8 | | |
| 4 | | | 9 | | |
| 5 | | | 10 | | |

ઉપર મુજબનું ઉત્તિર્ણ થયાનું પરિણામ સ્વીકારવા હું સંમત નથી. તો મારુ પરિણામ પરત સ્વીકારી બોર્ડની આગામી પરીક્ષામાં પુન:ઉપસ્થિત થઇ ઉક્ત વિષયો સાથે મારુ પરિણામ સુધારવા મંજૂરી આપશો. મને ઉક્ત વિષયોમાં મુક્તિ મળી શકશે નહી તેમજ હું શાળામાં પુન: પ્રવેશ મેળવીશ નહી અને બોર્ડની હવે પછીની પરીક્ષામાં જે પરિણામ આવશે તે મને બંધનકર્તા રહેશે.

સ્થળ - ................................ મો.નંબર-.................................. ઉમેદવારની સહી - ...............................

તારીખ -      /      /૨૦૨૧

ઉપર મુજબની મારા પુત્ર/પુત્રી/પાલ્યની અરજી મારી વિચારણાને અંતે રજૂ કરેલી છે. જેમાં હું સંમતિ દર્શાવું છું.

વાલીની સહી - ...........................................

વાલીનું નામ - ...........................................

તારીખ-      /      /૨૦૨૧

મોબાઇલ નંબર - ...........................................

ફક્ત વિજ્ઞાન પ્રવાહ માટે

# ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના ગુણપત્રકમાં નામ અટક સુધારો કરવાની અરજીનો નમૂનો

પ્રતિ,
નાયબ નિયામક (પરીક્ષા)શ્રી,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટરબી/૧૦-, જુના સચિવાલય પાસે, ગાંધીનગર.

વિષય :- ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા મે-૨૦૨૧ના ગુણપત્રક/પ્રમાણપત્રમાં નામ અટકમાં સુધારો કરવા બાબત.

બેઠક નંબર

| B | | | | | | |
|---|---|---|---|---|---|---|

**SID No.** ____________________

જય ભારત સહ જણાવવાનુ કે, હું વિજ્ઞાન પ્રવાહ, ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના મારા ગુણપત્રકમાં નામ અટકમાં સુધારો કરવા અરજી કરૂ છું. મારુ અસલ ગુણપત્રક આ સાથે સામેલ છે.

સુધારો (૧) કરવાની વિગત નીચે પ્રમાણે છે.

| ગુણપત્રકમાં જણાવેલી વિગતો (અંગ્રેજીમાં) | | સુધારાની વિગત (અંગ્રેજીમાં) |
|---|---|---|
| અ. (અંગ્રેજીમાં) અટક. | ____________________ | ____________________ |
| બ.(અંગ્રેજીમાં) નામ. | ____________________ | ____________________ |
| ક. પતિનું નામ / પિતા . (અંગ્રેજીમાં) | ____________________ | ____________________ |

૨.અરજદારએ ઘરનું સંપૂર્ણ સરનામું (ગુજરાતી)

____________________

મુ.પો. ____________________

તાલુકો ____________________

પીન કોડ નંબર ____________________

ફોન નંબર(STD CODE સહિત) ____________________ મોબાઇલ નંબર ____________________

૩. લાગતી ફીની મોકલેલી રકમ રૂા. ૧૦૦ (પરિણામ પ્રસિધ્ધ થયાના ૩ માસમાં અરજી કરે તો ફી લેવામાં આવતી નથી.)

અ.ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલી હોય તો D.D. નં.____________________ તા____________________

બેંકનુ નામ ____________________ શાખાનું નામ ____________________

બ. રોકડેથી બોર્ડમાં ભરી હોય તો રોકડ રસીદ નંબર ____________________ તા .____________________

ઉમેદવારની સહી (અચૂક કરવી)

______________________જા.નં.

______________________તારીખ

નકલ રવાના

આચાર્યશ્રી

______________________હાઇસ્કુલ મારફતે મોકલવું

શાળાનો ઇન્ડેક્ષ નંબર | | | | | | વિદ્યાર્થીનો જીનંબર .આર. | |

શાળાના આચાર્યશ્રીનું નામ-: ............................................................

શાળાના આચાર્યશ્રીનો મોબાઇલ નંબર: ............................................

શાળાના આચાર્યશ્રીનો સહી અને સિક્કો

## ખાસ નોંધ:

(૧) પ્રમાણપત્ર/ગુણપત્રકમાં જણાવેલી વિગતો શાળાના જનરલ રજીસ્ટર તેમજ એલ.સી. સાથે મળતી આવતી હોય તો જ સુધારો કરવામાં આવે છે.

(૨) એફીડેવીટ, મ્યુનિસિપલનો દાખલો તેમજ ગેઝેટની નકલ પરથી સુધારો કરવામાં આવતો નથી.

(૩) નીચેના બિડાણ મોકલવા જરૂરી છે.

1. ઉમેદવારનું અસલ ગુણપત્રક/પ્રમાણપત્ર
2. ધોરણ – 12 ના એલ.સી.ની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ.
3. ધોરણ – 10 ના એલ.સી.તેમજ તેની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ.
4. એસ.એસ.સી. (ધોરણ – 10) ના પ્રમાણપત્રની પ્રમાણિત કરેલી નકલ.
5. ઉમેદવારની ફી રસીદની નકલ સામેલ કરવી.
6. પરિણામ પ્રસિધ્ધ થયાના ત્રણ માસમાં નામ સુધારા કરવા માટેની રજૂઆત માટે કોઈ ફી લેવામાં આવતી નથી અને મૂળ ગુણપત્રક/પ્રમાણપત્ર રિ-પ્રિન્ટ કરી આપવામાં આવે છે.
7. સમય-મર્યાદા બહાર નામ સુધારા માટેની રજૂઆતો માટે રૂા. ૧૦૦ ફી લેવામાં આવે છે અને ડુપ્લીકેટ ગુણપત્રક કે પ્રમાણપત્ર આપવામાં આવે છે.

## પરિશિષ્ટ – 7 - A

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા

## ગુણપત્રકમાં નામ/અટકમાં સુધારો કરવા માટે શાળાના વડાએ ભરી મોકલવાનું જાહેરનામું

આથી હું (આચાર્યનું નામ) ..............................................................................................................

.............................................................................................................. હાઈસ્કુલના વડા તરીકે જાહેર કરું છું. અને નીચે પ્રમાણે નિવેદન કરું છું કે ......

1) શાળાનું નામ ..............................................................................................................

હું .............................................................................................................. હાઈસ્કુલના વડા સદર હું શાળા માહે .......................................... વર્ષ..................................થી કામ કરું છું.

2) શાળાનું જનરલ રજીસ્ટર મેં જાતે તપાસ્યું છે અને ખાતરી કરી છે કે ઉમેદવાર (ઉમેદવારનું નામ) શ્રી ..............................................................................................ની જનરલ રજીસ્ટરમાં નોંધ નીચે પ્રમાણે છે.

અ. પૂરેપૂરું નામ (અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં)

અટક :..............................................................................................

નામ :..............................................................................................

પિતા/પતિનું નામ :..............................................................................

બ. જનરલ રજીસ્ટર નંબર :.....................................................................

3) આથી પ્રમાણિત કરું છું કે, શાળાના રજીસ્ટરમાં ભરેલી અસલ નોંધમાં અનધિકૃત રીતે કોઈ ફેરફાર કરેલો નથી.

4) માહે માર્ચ/જુલાઈ 20................ ની એચ.એસ.સી. પરીક્ષામાં સદર પરીક્ષાર્થી બેઠક નંબર ........................................ કેન્દ્ર ............................................ પર પરીક્ષા આપી છે.

5) પરીક્ષાના પ્રમાણપત્રો/ગુણપત્રકો તા. ........................................ ના રોજ શાળાને મળ્યા હતા.

શાળાના ધોરણ-12 ઇન્ડેક્ષ નંબર

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |

પત્ર ક્રમાંક :

તારીખ :

શાળાના વડાની સહી અને
શાળાનો સિક્કો